**<u>મે.અમદાવાદ ખાતેનાં મજૂર અદાલતનાં પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી ( જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ ) ની કોર્ટમાં, મુ.અમદાવાદ.</u>**

**ફોજદારી કેસ નં.૩૫૭૪/૨૦૧૮**

**( જુનો ફોજદારી કેસ નં. ૩૪૯૭/૨૦૦૩)**

**આંકઃ–**

**ફરિયાદીઃ– ના.સરકારશ્રી તરફે શ્રી એચ.એમ. મડીયા,**
**કારખાના નિરીક્ષક, અમદાવાદ.**

**વિરુદ્ધ**

**આરોપીઃ- શ્રી આત્મારામ રામચંદ ડીડવાણી (પ્રો.)**
**એ.એમ.ઈન્ટરનેશનલ**
૩૫, ન્યુ ગ્રેઈન માર્કેટ, ખોખરા, અમદાવાદ.

**ગુન્હોઃ– કારખાના ધારા ૧૯૬૩ નાં નિયમ–૧૧૦(એ)(૧) નાં ભંગ બદલ કલમ–૯૨ મુજબ શિક્ષા પાત્ર ગુનો કરવા બાબત.**

---

ફરિયાદી તરફે.. ગેરહાજર
આરોપી તરફે.. આરોપી જાતે હાજર

---

**<u>––:: ઠ રા વ ::–</u>**

(૧) <u>નામ.ગુજરાત હાઈકોર્ટનાં નોટીફીકેશન નં.એ.૩૬૦૮/૨૦૧૫,તા.૨૩/૦૬/૨૦૧૭ અન્વયે ફોજદારી કેસો ચલાવવાની સત્તા સિવિલ જજ તથા જ્યુ.મેજી.ફ.ક. ને મળતા સદરહુ ફોજદારી કેસ અત્રેની મજૂર અદાલતમાં દાખલ થતા, સદરહુ ફોજદારી કેસને ફોજદારી કેસ નં. ૩૫૭૪/૨૦૧૮ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.</u>

(૨) ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરિયાદીએ તા.૩૦–૦૯–૨૦૦૩ નાં રોજ સદરહુ કારખાનાની મુલાકાત લેતા, તપાસ કરતા જાણવા મળેલ કે, આરોપીએ કારખાનામાં એક કામદાર નામે જુબેદા મોહંમદ શેખને તેમનું ઓળખપત્ર આપ્યા વગર કામ કરવાનું ફરમાવીને આમ, કરીને આરોપીએ સને ૧૯૬૩ નાં ગુજરાત કારખાના ધારાનાં નિયમ–૧૧૦(એ)(૧)નો ભંગ કરેલ છે.જે કારખાના અધિનિયમ–૧૯૪૮ ની કલમ–૯૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરિયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૩) ઉપરોક્ત સંદર્ભની ફરિયાદ જે તે વખતે સબંધિત મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજુ કરતા સબંધિત કોર્ટ દ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૦(એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૪) આરોપીને સમન્સ બજી જતાં આરોપી આજરોજ તેમનાં વકીલશ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ ,ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરેલ છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૫) આરોપીએ ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરતા આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરુદ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમછતાં આરોપી પોતાને ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ આરોપીએ પોતાની સામેનો ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આમ, આરોપી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનુ જણાય છે.

(૬) ઉપરોક્ત રજુઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતાં તેમજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજુઆત મુજબ તેમના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપીને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને લક્ષમાં લેતાં, હાલનાં આરોપી વિરુદ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**--:: હુ ક મ ::--**

૧) સદર કામે આરોપી/સંસ્થાને ક્રિ.પ્રો.કો.કલમ-૨૫૨ અન્વયે કારખાના ધારા ૧૯૬૩ નાં નિયમ-૧૧૦(એ)(૧) નાં ભંગ બદલ કારખાના ધારાની કલમ-૯૨ હેઠળ તકસીરવાન ઠરાવીને આરોપીને **રૂા-૨,૦૦૦/-( અંકે રૂપિયા બે હજાર પુરા )** નો દંડ, અને જો દંડ ન ભરે તો દિન-૩૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેસની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજરોજની નેશનલ લોકઅદાલત દરમ્યાન યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૧૨ /૨૦૨૧.
સ્થળ-અમદાવાદ.

( દિપક હસમુખભાઈ ખંભાતી)
code : GJ00866
એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ ( સિનિયર ડિવિઝન)
લેબર કોર્ટ, અમદાવાદ.